# ગાંધીનગર (ઉ)માં શહેર કરતાં ગામડામાં ભારે મતદાન

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર (ઉ) વિધાનસભા બેઠકના મતદાનના સત્તાવાર જાહેર થયેલા આંકડાઓ એવું દર્શાવી રહ્યા છે કે ગ્રામીણ વિસ્તારમાં મતદારોએ ભારે જાગૃતિ દાખવી છે જયારે શહેરી વિસ્તારમાં ઉદાસીન મતદારો જણાયા છે.

**● સૌથી વધુ મતદાન આદરજ મોટીના એક બુથમાં ૮૯.૬૧ ટકા**
**● સૌથી ઓછુ મતદાન સેકટર-૨૮ના એક બુથમાં ૩૪.૨૪ ટકા**

અંકશાસ્ત્રીઓના તારણ પર નજર કરીએ તો ગાંધીનગર શહેરના ૧૫૧ બુછ છે જમાં ૧૮ બુથ પર ૭૦ ટકાથી વધુ, ૮૫ બુથ પર ૬૦ ટકાથી વધુ, ૩૧ બુથ પર ૫૦ ટકાથી વધુ, ૮ બુથ પર ૪૦ ટકાથી વધુ અને ૩ બુથ પર ૩૦ ટકાથી વધુ મતદાન થયાનું જણાયું છે.

આ સામે ગ્રામીણ વિસ્તારમાં ભારે મતદાન થયાના આંકડાઓ પણ સામે આવી રહ્યા છે.

આ બેઠક પર સૌથી વધુ મતદાન મોટી આદરજના એક બુથ પર ૮૯.૬૧ ટકા મતદાન નોંધાયું છે જે નોંધનીય છે. આ ગામના તમામ બુથ પર ૮૦ ટકા કે તેથી વધુ મતદાન નોંધાયું છે.

આ બેઠક પર સૌથી ઓછું મતદાન ૩૪.૨૪ ટકા સે-૨૫ના બુથ પર નોંધાયું છે. શહેરના ૩ બુથ પર ૩૦ ટકાથી વધુ મતદાન નોંધાયું છે.

ગાંધીનગર (ઉ) બેઠક પર ૬૭.૩૬ ટકા મતદાન નોંધાયું છે. જે ૨૦૧૨ની સામાન્ય ચૂંટણી કરતા ૩.૭૧ ટકા જેટલું ઓછું છે. આથી આ જંગ રોચક બન્યો છે. જિલ્લામાં રાજકીય અગ્નિ પરીક્ષા જેવો બનેલો આ જંગ પર કોણ મેદાન મારશે તે કહેવું અઘરું છે. અંકશાસ્ત્રીઓનું માનવું છે કે મતદાનની પેટર્ન આંકડાઓ જોતાં લાગે છે કે તે લગભગ ૨૦૧૨ને મળતી આવે છે.



ગાઢ ધુમ્મસ - શહેરમાં શિયાળાની જમાવટ થઈ છે... ધુમ્મસથી છવાયેલી સડક પર વાહન ચાલકો માટે ભારે હાલાકી સર્જાય છે... સવારે ૬૭ ટકા ભેજ સાથે લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રીના પગલે ગાઢ ધુમ્મસ છવાયેલું હતું... પ્રકૃતિથી લદાયેલ પાટનગરમં ધુમ્મસની અસર ઘેરી વર્તાય છે... સૂર્યના કિરણો જ્યાં સુધી પૃથ્વીના પટ પર પ્રતિબિંબિત ન થાય ત્યાં સુધી ભેજના ભારે પ્રમાણના કારણે ધુમ્મસવાળું વાતાવરણ છવાયેલું રહે છે....

# ચુંટણી ફરજમાં રોકાયેલા કર્મચારીઓની રજાના લીધે સરકારી કચેરીઓ સુમસામ

ગાંધીનગર તા ૧૫

ગુજરાત વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી ૧૪ ડિસેમ્બરે મતદાનની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી.જયારે ચુંટણી ફરજમાં જોડાયેલા કર્મચારીઓ અને અધિકારીઓને આજે રજા રહેતા મોટાભાગની સરકારી કર્મચારીઓમાં ખાલીપો જોવા મળ્યો હતો. નગરમાં સ્થિત સરકારી કચેરીઓમાં કર્મચારીઓની ગેરહાજરી વચ્ચે રજાનો માહોલ જોવા મળ્યો હતો. ચુંટણી દરમિયાન સતત કામકામજમાં વ્યસ્ત રહેલા કર્મચારીઓએ આજે રજા ભોગવી થાક ઉતાર્યો હતો.

ગુજરાત વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી કર્મચારીઓને ચુંટણી કામની ફરજ સોંપવામાં આવી હતી. છેલ્લા ઘણા સમયથી ચુંટણીની તૈયારીમાં વ્યસ્ત સરકારી તંત્રના અધિકારીઓ કર્મચારીઓ પર વિશેષ કાર્યબોજ રહેતા ચુંટણીની પ્રક્રીયા શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન થતા અધિકારીઓએ રાહતનો દમ લીધો છે. ગઈકાલે મતદાનને અનુલક્ષીને પણ કર્મચારીઓ અને અધિકારીઓને મોટી સંખ્યામં ચુંટણી અંગેની ફરજો સોંપવામાં આવી હતી. જયારે ચુંટણી ફરજ દરમિયાન રોકાયેલા રહેલા કર્મચારીઓને આજે રજા આપવામાં આવી હતી. જેના લીધે નગરની મોટાભાગની સરકારી કચેરીઓમાં રજા જેવા મોહોલ જોવા મળ્યો હતો. નગરમાં સ્થિત મોટાભાગની સરકારી કચેરીઓમાં કર્મચારીઓની પાંખી હાજરી જોવા મળી હતી. પાટનગર યોજના ભવન , ઉદ્યોગભવન તેમજ જિલ્લા વહીવટી તંત્રની મોટાભાગની કચેરીઓમાં ખાલીપો જોવા મળ્યો હતો. કચેરીઓ ચાલુ હોવા છતા રજા હોય તેવો અહેસાસ મુલાકાતીઓને થતો હતો.

# સોમાવારે બપોર સુધીમાં કોની સરકાર રચાશે તેનો ટ્રેન્ડ જાણી શકાશે

**સ્ટ્રોંગ રૂમ ફરતે લોખંડી અભેદ્ય સુરક્ષા કવચ તૈનાત : સરકારી વિનયન કોલેજ, સેક્ટર-૧૫ ગાંધીનગર, એલડી એન્જિનીયરીંગ કોલેજ, પોલિટેકનિકલ, ગુજરાત કોલેજ ખાતે મતગણતરી હાથ ધરાશે : તૈયારીઓ પરિપૂર્ણ**

અમદાવાદ, તા.૧૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રથમ અને બીજા તબક્કાના મતદાન બાદ હવે તમામ ઈવીએમ અને વીવીપેટ મશીનો નિયત સ્ટ્રોંગ રૂમમાં લોખંડી સુરક્ષા કવચ હેઠળ સુરક્ષિત કરી દેવાયા છે. સીસીટીવી કેમેરા, સુરક્ષા જવાનો અને કંટ્રોલરૂમની બાજ નજર હેઠળ સ્ટ્રોંગ રૂમની અંદરની અને બહારની એકેએક હરકત પર તંત્ર અને અધિકારીઓ દ્વારા ચાંપતી નજર રખાઈ રહી છે. રાજયભરમાં તા.૧૮મી ડિસેમ્બરે મતગણતરી હાથ ધરાનાર છે ત્યારે ચૂંટણીના પરિણામોને લઈ ભાજપ, કોંગ્રેસના ઉમેદવારો સહિત તેમના સમર્થકો અને ટેકેદારોમાં ભારે ઉત્તેજના અને આતુરતાનો માહોલ છવાયો છે. ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકોની મતગણતરી સરકારી કૉલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે અને અમદાવાદ શહેરની ૧૬ અને ગ્રામ્યની પાંચ મળી કુલ ૨૧ બેઠકોની મતગણતરી શહેરના એલ.ડી.એન્જિનીયરીંગ કોલેજ, પોલીટેકનીક અને ગુજરાત કોલેજ ખાતે હાથ ધરવામાં આવશે. બપોરે લગભગ ૧૨ વાગ્યાની આસપાસ ઉમેદવારોના હાર-જીતનો ટ્રેન્ડ ખબર પડી જશે. તા.૧૮મી ડિસેમ્બરે સવારે આઠ વાગ્યાથી તમામ

● અનુસંધાન પાન-૭ પર

# ખરીદ કેન્દ્રો પર ૧ લાખ ૨૧ હજાર બોરી મગફળીની આવક નોંધાઈ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લામાં ટેકાના ભાવે ખરીદી માટે શરૂ થયેલા બે કેન્દ્રો પર આજ સુધીમાં ૧,૨૧,૪૨૦ બોરી મગફળીની આવક થવા પામી છે. આ આવકની સામે અત્યાર સુધીમાં ૧૮.૬૫ કરોડની ચુકવણી ખેડૂતોને કરી દેવામાં આવી છે. ૧૯.૧૨ કરોડની ખરીદી આ ખરીદ કેન્દ્રો દ્વારા કરવામાં આવી છે. જેમાં ૧૮.૬૫ કરોડની ચુકવણી કરી દેવામાં આવી છે. આ બે ખરીદ કેન્દ્રો પર અત્યાર સુધીમાં ૪૨,૪૯૭.૧૧ કવીન્ટલ મગફળીની આવક થઈ છે. જિલ્લામાં પાંચ હજાર હેકટર કરતાં વધુ વિસ્તારમાં મગફળીનું વાવેતર થયું હતું અને ગત વર્ષે રાજયમાં પ્રથમ પાંચ ઉત્પાદક જિલ્લામાં ગાંધીનગરનો સમાવેશ થયો હતો જે નોંધનીય છે.

જિલ્લા ખેતીવાડી તંત્રના સૂત્રોના જણાવ્યા પ્રમાણે મગફળીની આવક રોજે રોજ આ ખરીદ કેન્દ્રો પર થઈ રહી છે અને તે આગામી દિવસોમાં પણ યથાવત રહેશે તેવો અંદાજ છે. આજે દિવસ દરમિયાન ૧૪૬૯.૭૫ કવીન્ટલની આવક થઈ છે જેમાં દહેગામ કેન્દ્ર ખાતે ૧૨૮૬.૨૫ કવીન્ટલ તેમજ માણસા ખાતે ૧૮૩.૫૦ કવીન્ટલ મગફળીની આવક નોંધાઈ છે. તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે ૨૭૨૫ ખેડૂતો પાસેથી આ આવક થઈ છે.

# શહેરના એસ ટી ડેપોમાં પોલીસ પહેરાના અભાવ વચ્ચે હજુ ખિસ્સા કાતરૂઓનો અડ્ડો

**ગઇકાલે પણ બે મુસાફરો પીક પોકેટીંગનો ભોગ બન્યા**

ગાંધીનગર તા ૧૫

શહેરના એસ ટી ડેપોમાં મુસાફરોની સલામતીના નામે મીંડુ છે. આમછતા છેલ્લા એક દાયકાથી સતત રજુઆતોના અંતે પણ કોઈ પગલા લેવાતા નથી. એસ ટી ડેપોમાં પોલીસ પહેરો લગાવવા માટે એસ ટી તંત્ર દ્વારા ટોકન ભાડે જમીન આપવાની તૈયારી દર્શાવાઈ હોવાની વાત પણ જુની થઈ ગઈ છે. આમછતા પોલીસ ચોકી કાર્યરત થઈ શકી નથી. બીજીતરફ નગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ડેપોમાં રોજબરોજ મુસાફરો પીક પોકેટીંગનો ભોગ બની રહયા છે. બે દિવસ અગાઉ પણ બે મુસાફરોના ખિસ્સા કપાયા હોવાનુ ધ્યાને આવ્યુ છે. જાણભેદુ ગઠીયાઓએ મુસાફરોના ખિસ્સામાંથી પાકીટ અને બે મોબાઈલ સેરવી લીધા હતા.

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં મુસાફરો રોજબરોજ પીકપોકેટીંગનો ભોગ બની રહયો છે. એસ ટી ડેપોમાં પોલીસ ચોકી કાર્યરત કરવા માટે અનેકવાર રજુઆતો કરવામાં આવી છે. જયારે અનેક રજુઆતોના અંતે ડેપો તંત્રએ એસ ટી ડેપોના ગેટ નં - ૨ પાસે જગ્યા ફાળવવા માટે તૈયારી દર્શાવી છે. પરંતુ જિલ્લા પોલીસે રાઉન્ડ લીધા બાદ પણ હજુ સુધી ડેપોમાં પોલીસ ચોકી શરૂ કરવાનો નિર્ણય લેવાયો નથી. પાટનગરના એસ ટી ડેપોમાં જ મુસાફરોના ખિસ્સા સલામત નથી. એસ ટી ડેપોમાં ધોળે

● અનુસંધાન પાન-૭ પર

# રાજયમાં તીવ્ર ઠંડીનું મોજુ

અમદાવાદ, તા.૧૫


ગાંધીનગર - અમદાવાદ સહિત રાજયભરમાં તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. સવારથી જ લોકોએ ઠંડીનો અનુભવ કર્યો હતો. જમ્મુ કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં હિમવર્ષાની અસર પણ દેખાઈ રહી છે. બીજી બાજુ સવારમાં ઠંડા પવનો ફુંકાઈ રહ્યા છે. મોડીરાતથી વહેલી પરોઢ સુધી

**નલિયા ખાતે ૮.૪ ડિગ્રી : ગાંધીનગર-અમદાવાદમાં પણ લોકોએ ઠંડીનો અનુભવ કર્યો : હિમાચલ પ્રદેશ અને જમ્મુ કાશ્મીરમાં હિમવર્ષાની અસર : તાપમાન હજુ ઘટશે**

ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. તાપમાનમાં પણ ઘટાડો થયો છે. આજે રાજયના નલિયામાં સૌથી ઓછું ૮.૪ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

બીજી બાજુ અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૩.૬ ડિગ્રી નોંધાયું હતું. સૌરાષ્ટ્ર અને કચ્છના જુદા જુદા ભાગોમાં તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. અમરેલીમાં ૯.૩, રાજકોટમાં ૧૧.૧, સુરેન્દ્રનગરમાં ૧૨ અને મહુવામાં ૧૩.૫ ડિગ્રી તાપમાન રહ્યું હતું. ભુજમાં લઘુત્તમ તાપમાન ૯.૮ ડિગ્રી નોંધાઈ ગયું છે. ઠંડીનું પ્રમાણ અકબંધ રહે તેવા સંકેત દેખાઈ રહ્યા છે.

**બેસણું**



અમારા પૂજ્ય પિતાશ્રી

**ડૉ.ગોવર્ધન શર્માનું**

તા.૧૫-૧૨-૨૦૧૭, શુક્રવારના રોજ નિધન થયેલ છે.

સદ્ગતનું બેસણું તા.૧૭-૧૨-૨૦૧૭, રવિવારે સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ: જ્ઞાન લોક, બંગલા નં-૩૪, સેકટર-૧૯, ગાંધીનગર, ગુજરાત.

પુષ્પલતા શર્મા — હેમંત શર્મા
બસંત શર્મા — શરદ શર્મા


**ગાંધીનગર જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.**
મધુર ડેરી,'ક'રોડ,સેકટર-૨૫,ગાંધીનગર-૩૮૨૩૨૪.
ફોન નં.(૦૭૯) ૨૩૨૮૭૧૩૪ થી ૩૮,ફેકસ-૨૩૨૮૭૧૪૦.

## ટેન્ડર નોટિસ-વાર્ષિક ધોરણે લેબર કોન્ટ્રાકટ આપવાના છે

ઉપરોકત સહકારી સંસ્થા માટે નીચે પત્રકમાં જણાવ્યા મુજબના તા.૧/૧/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮ સુધીના એક વર્ષ માટે લેબર કોન્ટ્રાકટ આપવાના છે. સંતોષકારક સર્વિસ આપનાર લેબર કોન્ટ્રાકટરને વધુમાં વધુ બીજા એક કે બે વર્ષ માટે સંસ્થાની જરુરીયાત મુજબ કોન્ટ્રાકટ રીન્યુ કરી આપવામાં આવશે. રસ ધરાવતાં ઈસમ/પાર્ટીઓએ નીચે પત્રકમાં જણાવેલ તારીખો દરમ્યાન,ટેન્ડર ફોર્મ ફી(નોન રીફંડેબલ) રોકડેથી ઉકત સંસ્થાની હિસાબી શાખામાં ભરી, ટેન્ડર ફોર્મ રુબરુમાં કચેરી સમય દરમ્યાન મેળવી લેવાના રહેશે. ભરેલ ટેન્ડર ફોર્મ, ટેન્ડર ડીપોઝીટનો " ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ." ના નામનો ડી.ડી.(રીફંડેબલ)સાથે નીચે પત્રકમાં જણાવેલ તારીખ અને સમય સુધીમાં અત્રેની સંસ્થામાં સીલબંધ કવરમાં પહોંચાડવાનું રહેશે. ત્યારબાદ મોડા આવેલા ભરેલા ટેન્ડર ફોર્મ કોઈપણ સંજોગોમાં સ્વીકારાશે નહીં. ભરેલા ટેન્ડર ફોર્મનાં સીલબંધ કવર ઉપર જે તે ટેન્ડરના નામની વિગત અચુક જણાવવી. આવેલ ટેન્ડર/ઓફર/ભાવ સ્વીકારવો કે નહીં તેનો અબાધીત અધિકાર મેનેજીંગ ડીરેકટરશ્રીનો રહેશે.

| અ.નં. | ટેન્ડરની વિગત | ટેન્ડર ફી અને ડીપોઝીટની વિગત |
|---|---|---|
| ૧ | લેબર કોન્ટ્રાકટ માટે લેબર કોન્ટ્રાકટર પાસે લેબર લાયસન્સ, પ્રોવીડંડ ફંડ નંબર,કામદાર રાજય વિમા યોજના નંબર(ઈ.એસ.આઈ),G.S.T. રજીસ્ટ્રૂશન નંબર,પાન કાર્ડ અને લાગુપડતી નોંધણીઓ અને રજીસ્ટ્રેશન વગેરે ધરાવતા તેમજ ઓછામાં ઓછા ૧૦૦ નોકરીયાત રાખી શકવાનું લાયસન્સ ધરાવતા ઈસમોએ, મધુર ડેરી ગાંધીનગર ખાતે જુદા જુદા પ્રકારના કામકાજ જેવા કે, દૂધ રુટના ટ્રકમાંથી દૂધના કેનનું લોડીંગ અને અનલોડીંગ તેમજ કેનની સફાઈ કરવી, અને પેકીંગ મશીન પરથી દૂધ,છાશને પાઉચ પેકીંગ કરી, ફેટમાં ગોઠવી, કોલ્ડ સ્ટોરેજમાં ગોઠવી, સદર ફેટોને દૂધ વિતરણ કરતી ટ્રકમાં ભરવી તેમજ સદર ટ્રકો દ્વારા આવતી ખાલી ફેટોને ઉતારીને સફાઈ કરવી. સદર કામકાજ પીસ રેઈટથી દર લીટર ડિસ્પેચના દરથી અને કેન લોડીંગ અનલોડીંગ માટે, દર કિલો દૂધ રીસીવીંગના રેઈટ(લાગુ પડતા તમામ ટેક્ષ સાથે)થી તથા આ ઉપરાંત ગાર્ડનીંગ મેઈન્ટેનન્સ અને ગટર સાફ સફાઈ, પ્રિમાઈસીસમાં આવેલ તમામ ટોયલેટ બાથરુમ તેમજ ઓફિસીસ અને પ્રિમાઈસીસનું સરાઉન્ડીંગ અંદર અને બહાર ગ્રાઉન્ડની સફાઈ વગેરે કામકાજ માટે પ્રતિ વ્યકિત દીઠ પ્રતિ માસના તમામ લાગુ પડતા ટેક્ષ સાથે ઉચ્ચક ભાવથી લેબર કોન્ટ્રાકટ આપવાનો છે. જયારે વધારાની કામગીરીની જરુરીયાત ઉભી થાય ત્યારે વધારાના કામકાજ માટે કોન્ટ્રાકટના મંજુર થયેલ ભાવથી લેબર પુરા પાડવાના રહેશે. | ટેન્ડર ફોર્મ ફી(નોન રીફંડેબલ) રકમ રુ.૫૦૦૦/-(પાંચ હજાર)<br>ટેન્ડર ડીપોઝીટ(રીફંડેબલ) રકમ રુ.૩૦,૦૦૦/-(ત્રીસ હજાર) |
| ૨ | મધુર મીઠાઈ/નમકીન મજુરીથી બનાવવાનો લેબર કોન્ટ્રાકટ માટે લેબર લાયસન્સ, પ્રોવીડંડ ફંડ નંબર,કામદાર રાજય વિમા યોજના નંબર(ઈ.એસ.આઈ),G.S.T. રજીસ્ટ્રેશન નંબર,પાન કાર્ડ અને લાગુપડતી નોંધણીઓ અને રજીસ્ટ્રેશન વગેરે ધરાવતા અને મીઠાઈ બનાવવાના નિષ્ણાંત કારીગરો રોકીને મીઠાઈ બનાવવાની કામગીરી પુરી પાડવાની રહેશે. | ટેન્ડર ફોર્મ ફી (નોન રીફંડેબલ) રકમ રુ.૫૦૦/-(પાંચસો)<br>ટેન્ડર ડીપોઝીટ (રીફંડેબલ) રકમ રુ.૫,૦૦૦/-(પાંચ હજાર) |

નોંધઃ- (૧) ટેન્ડર ફોર્મ મેળવવાની તારીખ અને સમય : તા.૧૬/૧૨/૨૦૧૭ થી ૨૬/૧૨/૨૦૧૭ ના રોજ બપોરના ૧૫-૦૦ કલાક સુધી.
(૨) ભરેલા ટેન્ડર ફોર્મ સીલબંધ કવરમાં પહોંચાડવાની છેલ્લી તારીખ અને સમય : તા.૨૭/૧૨/૨૦૧૭ ના રોજ સાંજના ૧૫-૦૦ કલાક સુધી.
(૩) ટેન્ડર ડીપોઝીટની રકમ ફરજીયાત ડી.ડી.થી આપવાની રહેશે. અન્યથા ટેન્ડર રદ ગણાશે.

મેનેજીંગ ડીરેકટર.



**રોટરેક્ટ ક્લબ ઓફ ગાંધીનગર**
આયોજીત

**Shakti 2017**

।। यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवता ।।

**એક દિવસનો સ્ત્રી શક્તિ માટેનો કાર્યક્રમ**
**તા. ૨૩ ડિસેમ્બર, ૨૦૧૭**
**સ્થળ : V.P.M.P. પોલિટેકનિક, LDRP-ITR, સેક્ટર-૧૫, ગાંધીનગર**
**સમય : સવારે ૯-૦૦ કલાકથી સાંજના ૫-૩૦ કલાક**

**રજીસ્ટ્રેશન ફોર્મ**

પુરું નામ : ____________________

સરનામુ : ____________________

ઉંમર : __________ મો. નંબર : ____________________

ખાસ નોંધ : રજીસ્ટ્રેશન વહેલા તે પહેલાના ધોરણે આ ફોર્મ જમા કરાવવાથી જ કીટ અને એન્ટ્રી પાસ મળશે.

કાર્યક્રમની ફીમાં કીટ, ચ્હા / કોફી અને લન્ચ પુરું પાડવામાં આવશે.

ભાગ લેનારની સહી — Sr. No- For office use

તારીખ : __________ — Sr. No- For office use

પુરુ નામ : ____________________

મો. નંબર : ____________________

બાંહેધરી : હું એક દિવસીય કાર્યક્રમમાં મારી સ્વૈચ્છાએ જોડાવા માંગુ છું.

ભાગ લેનારની સહી — વોલેન્ટીઅરની સહી

**ફોર્મ જમા કરાવવાનું સ્થળ**
રોટરી ક્લબ, ફિઝ્યોથેરેપી સેન્ટર, સેક્ટર-૨૨, ગાંધીનગર
સમય : સવારે ૮-૦૦ થી ૧૧-૩૦ ● સાંજે ૪-૩૦ થી ૭-૩૦ ● ફોન : ૦૭૯-૨૩૨૪૪૧૬૬

KALPA-TARU POWER TRANSMISSION LIMITED

વધારે જાણકારી માટે સંપર્ક કરો.
૮૪૮૭૦૬૩૪૩૯, ૮૧૪૦૭૬૧૬૩૩, ૮૮૬૬૮૯૨૫૩૮


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com